જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । ગુરૂવાર । તા. ૧-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સરદાર સાહેબે દેશને એક ન કર્યો હોત તો આપણે દેશમાં ફરવા માટે પણ વીજા લેવા પડતા : નરેન્દ્ર મોદી



રાજપીપળા : ૩૧ મી ઓક્ટોબર ના રોજ પી એમ મોદીના હસ્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી નું રાષ્ટ્રાર્પણ થયું ત્યારે આ પ્રસંગે મુખ્ય મંત્રી વિજય રૂપાણી, રાજ્યપાલ ઓ. પી. કોહલી, મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ, કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા, નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલ, વન અને પર્યાવરણ મંત્રી ગણપતસિંહ વસાવા, મુખ્ય સચિવ જે. એન. સિંઘ, જિલ્લા કલેકટર આર. એસ. નિનામા સહિત અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું રાષ્ટ્રાર્પણ એક ભારત શ્રેષ્ઠ ભારતને સફળ બનાવવા આ પ્રતિમા એકતાનું પ્રેરણાતીર્થ બનશે

પી એમ મોદી એ તેમના વક્તવ્ય માં જણાવ્યું કે સરદાર સાહેબે દેશને એક ન કર્યો હોત તો આપણે દેશમાં ફરવા માટે પણ વીજા લેવા પડતા તે સમયે ઈન્ડિયન સિવિલ સર્વિસ માં ના ઈન્ડિયન ન કોઈ સિવિલ કે ન કોઈ સર્વિસ હતી ત્યારે સરદારે યુવાઓ ને ભારત ના નવનિર્માણ માટે ઉત્સુક કર્યા અને એવા સમયે તેમને ગૃહ મંત્રી બનાવાયા જ્યારે સૌથી ખરાબ દિવસો હતા મહિલાઓ ને ભારત ની રાજનીતિ માં સક્રિય યોગદાન આપવા બદલ તેમનો રોલ પણ ખુબ સારો રહ્યો હતો અને મહિલાઓ ને પંચાયતો ની ચૂંટણી માં ભાગ અપાવ્યો જેથી આપણને મૌલિક



અધિકરો મળ્યા ત્યારે આ પ્રતિમા સરદાર સાહેબ ની સામર્થ્ય અને સમર્પણ નું સન્માન અને ન્યુ ઈન્ડિયા ના ભારત ના અસ્તિત્વ ઉપર સવાલ ઉઠાવવા વાળા ને બતાવવા માટે છે અને તેની ઊંચાઈ ભારત ના યુવાઓ ને યાદ કરાવે કે ભવિષ્ય નું ભારત આગવી આકાંક્ષાઓ સાથે નું એક ભારત શ્રેષ્ટ ભારત હશે

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું રાષ્ટ્રાર્પણ પ્રસંગેવિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રતિમા નિર્માણના સહયોગીઓ સાથે વડાપ્રધાને તસવીર ખેંચાવી અને સ્ટેચ્યૂ ના નિર્માણ ના સહયોગી સહિત રાજ્યના મંત્રીમંડળ અને સ્ટેચ્યૂ નિર્માણમાં યોગદાન આપનારા મહાનુભાવો સાથે પણ સમૂહ તસીર ખેંચી તમામ ને યાદ કર્યા હતા

બૉક્ષ : સરદાર સાહેબની આ ગગનચૂંબી પ્રતિમાના સાંનિધ્યમાં આ પત્ર ગુજરાતના નાગરિકો તરફથી દેશના એક બીજા સપૂત નરેન્દ્રભાઈને આર્શીવાદરૂપે લખવામાં આવી રહ્યો છે :વિજય રૂપાણી

સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગુજરાતમાં નિર્માણ માટે ગુજરાતના નાગરિકો વતી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવી અભિનંદનપત્ર પાઠવ્યો હતો. વિશ્વભરમાં ગુજરાતનું નામ એકતા માટે પ્રસ્થાપિત કરવા બદલ વડાપ્રધાનનો આભાર માનતા તેઓએ કહયું કે એક ભારત શ્રેષ્ઠ ભારત ના નિર્માણને સફળ બનાવવા માટે આ સ્થળ એકતા નું પ્રેરણાતિર્થ બનશે. દેશના નાગરિકો આપના આ સપનાને પૂર્ણ કરશે એવો અમારો સંકલ્પ છે એમ તેમણે ઉમેર્યું હતું.તેઓએ ઉમેર્યું કે સરદાર સાહેબની આ ગગનચૂંબી પ્રતિમાના સાંનિધ્યમાં આ પત્ર ગુજરાતના નાગરિકો તરફથી દેશના એક બીજા સપૂત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આર્શીવાદરૂપે લખવામાં આવી રહ્યો છે. નરેન્દ્ર ભાઈ મોદીનો સરદાર વલ્લભભાઈ પટેલની જેટલી મોટી પ્રતિભા એટલી જ ઉંચી પ્રતિમાનો સંકલ્પ હતો એ આજે ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ સાકાર થયો છે.

નર્મદા જિલ્લા માં સ્ટેચ્યુ નો વિરોધ કરી રહેલા આદિવાસી આગેવાનો ની પોલીસે ધરપકડ કરી,૩૦૦ જેવા આદિવાસીઓ ની ધરપકડ કરાઈ હોવાની વાત

નર્મદા જિલ્લા માં સ્ટેચ્યુ નો વિરોધ અને રાજપીપળામાં કાળા બલૂન ઉડાવનાર જિલ્લાના ૩૦૦ થી વધુ આગેવાનો ની ધરપકડ કરાઈ

રાજપીપળા : નર્મદા જિલ્લા માં આદિવાસી આગેવાનો દ્વારા ?ટે?યુ ઓફ યુનિટી નો વિરોધ કરી કાળા બલૂન આકાશમાં ઉડાડી વિરોધ કરાયા બાદ મોદી વિરુદ્ધ ભારે સુત્રોચ્ચાર કરાયા જેમાં નરેન્દ્ર મોદી ગો બેક,અભિતો લી અંગળાઈ હૈ,આગે લડાઈ બાકી

સભાસ્થળ નજીક ટાયરો સળગાવી સ્ટેચ્યુ ઓફ યુનિટી નો વિરોધ કરાયો ,નર્મદા જિલ્લા માં બજારો બંધ રહ્યા

હૈ,નરેન્દ્ર મોદી હાયહાય જય ભીમ જય બિરસામુંડા સહીત ના અનેક સૂત્રોચ્ચાર કરાયા હતા જયારે રાજપીપળા સહિત સમગ્ર નર્મદા જિલ્લા માં ઠેર ઠેર કરાયેલા વિરોધ માં ૩૦૦ થી વધુ આદિવાસીઓ ની આજે ધરપકડ કરાઈ હતી જેમાં રાજપીપળા સંતોષ ચાર રસ્તા પાસે વિરોધ કરી પાંચ હજાર જેવા કાળા અને ગેસ ભરેલા બલૂન ઉડાડતા યુવા આગેવાન ડૉ.પ્રફુલ વસાવા સહિત છ જેવા આદિવાસી



આગેવાનો ની રાજપીપળા પોલીસે ધરપકડ કરી હતી સાથે સાથે જ્યાં પી એમ મોદી નું સભા સ્થળ હતું ત્યાં નજીક માં પણ ટાયરો સળગાવી વિરોધ કરાયો હતો જોકે રાજપીપળા થી લઈ ને કેવડિયા કોલોની ના માર્ગો પર ઠેર ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત આ વિરોધ ના કારણે ખડકી દેવાયો હતો અને આગલે દિવસે ઘણા આદિવાસી



આગેવાનો ને ડિટેઇન પણ કર્યા હતા છતાં આકાશ માં કાળા બલૂન અને સભા સ્થળ નજીક ટાયરો સડગાવાયા હતા જેથી આ વિરોધ કરી રહેલા આદિવાસીઓ નો પોલીસે ધરપકડ કરી હતી .

આજના બંધ માં જિલ્લા ના તમામ વેપારીઓ એ સારો સહકાર આપી બંધ સફળ બનાવ્યો :

મહેશ વસાવા
(ધારાસભ્ય,ડેડીયાપાડા)

ડેડીયાપાડા ધારાસભ્ય મહેશભાઈ વસાવા એ જણાવ્યું આજના સ્ટેચ્યુ ના વિરોધ માં આદિવાસી આંદોલન માં અમારા આદિવાસીઓ એ સારો વિરોધ કરી ધરપકડ પણ વોહરી હતી અને જિલ્લા માં બંધ ના એલાન માં તમામ નાના મોટા વેપારીઓ એ સારો સહકાર આપી આજના આ બંધ ને સફળ બનાવ્યો હતો

મોદી સરકાર આદિવાસીઓ ને ઉદ્યોગપતિઓ ના હવાલે કરતી સરકાર છે :
ડૉ.પ્રફુલ વસાવા

૩૦૦ થી વધુ આદિવાસીઓ ની ધરપકડ કરાઈ છે અને સારો વિરોધ રહ્યો હતો એમ યુવા આદિવાસી આગેવાન પ્રફુલ વસાવા એ જણાવ્યું હતું સાથે મોદી સરકાર આદિવાસીઓ દુશ્મન છે અને આદિવાળી વિરોધી માનસિકતા ધરાવે છે અને આ સરકાર આદિવાસીઓ ને આગળ કરી ઉદ્યોગપતિઓ ના હવાલે કરી રહી છે .

કાદર વાડીવાલાને મળેલી અંડરવર્લ્ડની ધમકી અંગે ડીસીબીની તપાસ

અંધારી આલમ સાથે સંકળાયેલા પંટરોની પણ કાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ

સુરત

સુરતના જાણીતા ઉદ્યોગકાર અને ભાજપના આગેવાન કાદર વાડીવાળાને દાઉદ ગેંગના ગેંગસ્ટર એજાઝ લાકડાવાળાએ આપેલી ધમકીની ફરિયાદ બાદ ક્રાઈમ બ્રાનચ હજુ સુધી આ ફોન અને એસએમએસ ક્યાંથી આવ્યો ? એ જાણી શકી નથી. જોકે ક્રાઈમ બ્રાંચ પોલીસે મોબાઈલ કંપની પાસેથી માહિતી મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. કાદર વાડીવાળાને અંધારી આલમ તરફથી ધમકી મળતા શહેરના બિલ્ડરો અને ઉદ્યોગકારોમાં ખળભળાટ વ્યાપી ગયો છે. લાંબા સમય બાદ સુરતમાં અંધારી આલમ તરફથી ધમકી અપાયાનો બનાવ બનતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ચારેકોર દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. દરમિયાન ફરિયાદી કાદર વાડીવાળાએ જણાવ્યું હતું કે સુરત પોલીસના અધિકારીઓ જીણવટભરી તપાસ કરી રહ્યા છે અને પોલીસ તંત્ર તરફથી સારો સહયોગ મળી રહ્યો છે. તેમજ સમાજના અગ્રણીઓ, ભાજપ પક્ષના આગેવાનો પણ મારી પડખે ઉભા રહી છે. હુંફ આપી રહ્યા છે. દરમિયાન પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અંધારી આલમ સાથે સંકળાયેલા સુરતના પંટરોની પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

બાળકી પર દુષ્કર્મ બાદ હત્યા કરનાર આરોપીને ફાંસીની સજાની માંગણી

સુરત

ગુજરાત એસ.સી./એસ.ટી. અત્યાચાર નિવારણ સમિતિ અને રેપ મર્ડર વિરોધ એકશન કમિટિ સુરતના અગ્રણી સુભાષ પી.ઝાડે, આશાબેન વિનોદ માંગલે, શોભાબેન બેસાણે, ભીમરાવ સેંદાણે, પ્રતિમાબેન બાવિસ્કર, બંટીભાઈ શિરસાઠ, મોતીલાલ સાળુંકે, કૃણાલભાઈ સોનવણે, ભાનુભાઈ ચૌહાણ વગેરેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા.૧૫-૧૦-૨૦૧૮નાં રોજ સોમેશ્વર પાર્ક ગોડાદરા સુરત ખાતે સાડા ત્રણ વર્ષની બાળકીની રેપ - હત્યા કરાયેલી લાશ મળી આવતા સમગ્ર સમાજ સ્તબ્ધ થઈ ગયો હતો અને હત્યારાને પકડી પાડી જાહેરમાં ફાંસીના માંચડે લટકાવી પીડિતાને ન્યાય આપવા માંગણી કરવામાં આવી હતી. સુરત શહેર પોલીસ દ્વારા ગુનેગાર અનિલ યાદવને બિહાર રાજ્યથી પકડી પાડી જે સરાહનીય કામગીરી કરેલ છે. તે આવકાર દાયક છે. હવે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તત્કાળ ફાસ્ટટ્રેક કોર્ટ દ્વારા રેપ-મર્ડરની કેસ ચલાવી ગુનેગારને ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ પહેલા ફાંસીની સજા મળે અને પીડિતાના આત્માને ચિરશાંતિ મળેમાટેઉપરોક્ત સમિતિના નેજા હેઠળ આજે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતી અને દેશના પ્રથમ મહિલા વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના શહાદત દિને તા.૩૧-૧૦-૨૦૧૮ના રોજ સાંજે ૬.૩૦ કલાકે એરોપ્લન સર્કલ અઠવાગેટ સુરત ખાતેથી વિશાળ મશાલ રેલીનું આયોજન કરાયું છે.



ઉત્રાણ અને નાના વરાછાને જોડતા રેલ ઓવર બ્રીજ પર ૧૦૦ ગર્ડર મુકવાની કામગીરી અંગે વેસ્ટર્ન રેલવે દ્વારા આજે સવારે બે કલાકનો બ્લોક અપાતા સુરત મહાનગરપાલિકા દ્વારા બે કલાક દરમિયાન બે ગર્ડર ગોઠવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઉત્રાણ-મોટા વરાછા રેલ ઓવર બ્રીજ પર ૪૯ મીટરના ૧૦ પૈકીના બે ગર્ડર ગોઠવાયા

સુરત

ઉત્રાણ અને મોટા વરાછાને જોડતો રેલવે ઓવર બ્રીજ માટે ગર્ડર ચડાવવા પશ્ચિમ રેલવે દ્વારા ૨ કલાકનો બ્લોક આપવામાં આવ્યો હતો. ૪૯ મીટર લાંબા ૧૦ પૈકી ૨ ગર્ડર આજે ૧૨ કલાકના બ્લોક દરમ્યાન ચઢાવવાની કામગીરી કરવામાં આવી.

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૪માં ઉત્રાણ-મોટા વરાછાને જોડવા મનીષા ગરનાળા પાસે રેલવે ઓવર બ્રીજનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા વિવિધ કારણોસર પ્રોજેક્ટ ડીલે કરવામાં આવતા સ્થાનિક લોકોને દરરોજ ભારે ટ્રાફિક જામનો સામનો કરવાની ફરજ પડતી હતી. કોર્પોરેટર દિનેશ કાછડીયા દ્વારા બ્રીજની મુલાકાત લઈને કમિશનર તથા બ્રીજ વિભાગને વહેલામાં વહેલી તકે બ્રીજનું અધુરૂ કામ પૂર્ણ કરવાની માંગ કરી હતી. બ્રીજ વિભાગના સહકારથી પશ્ચિમ રેલવે દ્વારા આજે ૨ કલાકનો બ્લોક આપવામાં આવ્યો હતો. સવારે ૧૧.૪૫ થી બપોરે ૧.૪૫ સુધી ૨ કલાકનો બ્લોક ફાળવવામાં આવતા બ્રીજ વિભાગ દ્વારા મહાકાય ક્રેનની મદદથી ગર્ડર ચઢાવવાની કામગીરી હાથ ધરી હતી. મનપાના બ્રીજ વિભાગના અધિકારી અક્ષય પંડ્યાના જણાવ્યા અનુસાર શહેરમાં અત્યાર સુધી જેટલા પણ બ્રીજ બન્યા છે. તેમાં મનીષા ગરનાળા પાસે સૌથી લાંબો ૪૯ મીટરનો ગર્ડર બનાવવામાં આવ્યો છે. ૪૯ મીટરના ૧૦ ગર્ડર પૈકી ૨ ગર્ડર આજે બે કલાકના બ્લોક દરમ્યાન ચઢાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર પટેલ જન્મ જયંતીએ રન ફોર યુનિટી યોજાઈ

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરાંજલી અને પુષ્પાંજલી દ્વારા સરદાર વંદના કરી રાષ્ટ્રીય એકતાના શપથ લેવાયા

સુરત

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિએ 'રાષ્ટ્રીય એકતા દિવસ''ની ઉજવણીના ઉપલક્ષ્યમાં સરદાર સાહેબને અંજલિ આપવા માટે સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર, સુરત શહેર પોલિસ અને સુરત ગ્રામ્ય પોલિસના સંયુક્ત ઉપક્રમે સુરતમાં એકતા દોડ-રન ફોર યુનિટી યોજાઈ હતી. જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલે ફ્લેગ ઓફ આપી એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું હતું.

સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને આદરપૂર્વક વંદન કરવાઅને દેશને એકતાના સુત્રમાં બાંધવા સરદારને ભાંવાજલિરૂપે યોજાયેલી રન ફોર યુનિટીમાં કોલેજના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પોલિસના જવાનોએ સહભાગી થઈને એકતાનો સંદેશ આપ્યો હતો.



સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંગે સુરત મહાનગરપાલિકા, જિલ્લી વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસનાં સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતી નિમિત્તે રિંગરોડથી દિલ્હીગેટ થઈ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, રેલ્વે સ્ટેશન સુધી રન ફોર યુનિટીમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ ભાગ લીધો હતો. સ્વતંત્ર ભારતના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના કર્તવ્યને આદરપૂર્વક વંદન કરવા અને દેશને એકતાના સુત્રમાં બાંધવા સરદારને ભાંવાજલિરૂપે

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણને વધાવવા રિંગ રોડ, ફાલસાવાડીના સ્વર્ણિમ સર્કલથીથી દિલ્હીગેટ થઈ રેલ્વે સ્ટેશન સુધી એકતા દોડ યોજાઈ હતી. રેલ્વે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને કલેકટરશ્રી ડો.ધવલ પટેલ અને મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન સહિતના મહાનુભાવોએ સુતરાંજલિ-પુષ્પાંજલિ દ્વારા સરદાર વંદના કરીને દ્વારા દોડનું સમાપન કરાવ્યું હતું. આજે સરદાર પટેલની જન્મજયંતિએ વિશેષ અંજલિના ભાગરૂપે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું કેવડીયા ખાતે અનાવરણ કરવાના છે, ત્યારે ઉપસ્થિત મહાનુભાવો સહિત શાળા કોલેજના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પોલિસના જવાનો સહિત આમ જનતાએ એકતા દોડ પૂર્ણ થયા બાદ રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા. આ પ્રસંગે સ્થાયી સમિતિના ચેરમેનશ્રી અનિલ ગોપલાણી, શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, પૂર્વ મેયર શ્રીમતી અસ્મિતા શિરોયા સહિત મોટી સંખ્યામાં પોલિસ જવાનો, વિદ્યાર્થીઓ, સરદારપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નારાયણ સાંઈ બળાત્કાર કેસમાં કોર્ટમાં બચાવ પક્ષની દલીલનો અંતિમ તબક્કો

સુરત

નારાયણ સાંઈના બળાત્કાર કેસમાં અંતિમ દલીલોનો દોર શરૂ થઈ ચૂક્યો છે. ત્યારે નારાયણ સાંઈના વકીલ બીએમ ગુપ્તાની દલીલો પૂરી થઈ ગઈ હતી. હવે ૧લી નવેમ્બરના રોજ અન્ય વકીલો કલ્પેશ દેસાઈ, કિરીટભાઈ પાનવાળા દલીલો રજૂ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરની પીડિતાએ ૬ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ જહાંગીરપુરા પોલીસ મથકમાં નારાયણ સાંઈ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં નારાયણ સાંઈની ધરપકડ પણ કરવામાં આવી હતી. નારાયણ સાંઈ અને તેના સાધક સાધિકાઓ સામે પોલીસે ચાર્જશીટ રજૂ કર્યા બાદ હવે આ કેસનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. પીડિતા, એફએસએલ, આઈ.ઓ. તથા પંચનામાના સાક્ષીઓની સર અને ઉલટ તપાસ પૂરી થયા બાદ બચાવ પક્ષે પોતાની અંતિમ દલીલો શરૂ કરી હતી. નારાયણ સાંઈના એડવોકેટ બી.એમ. ગુપ્તાની દલીલો પૂરી થતા હવે પહેલી નવેમ્બરના રોજ બચાવ પક્ષના અન્ય વકીલો કલ્પેશ દેસાઈ, કિરીટ પાનવાળા તથા વિરલ ચલીયાવાળા પોતાની દલીલો રજૂ કરશે. નારાયણ સાંઈ છેલ્લા ૬૦ મહિનાથી લાજપોર જેલમાં બંધ હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું હતું.

કડોદરા પોલીસ ચોકીમાં દારૂડીયા રિક્ષા ડ્રાઈવરે મચાવેલુ તોફાન

સુરત

કડોદરા ચાર રસ્તા પાસે આવેલી એક પોલીસ ચોકીમાં દારૂ ઢીંચીને આવેલા રિક્ષા ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવા જતાં આરોપીએ ઉશ્કેરાઈ જઈ પોલીસ ચોકીના ટેબલના કાચ તોડી નાંખી ઢીક મુક્કીનો માર તથા લાતો મારી મારી નાંખવાની ધમકી આપી હોવાનો બનાવ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કડોદરા જીઆઈડીસી પાસે આવેલી એક પોલીસ ચોકીમાં વિજયભાઈ દલાભાઈ મકવાણા ફરજ બજાવે છે. મૂળ જલગાંવ મહારાષ્ટ્રના વતની અને હાલમાં ચલથાણ લક્ષ્મીનગર પાસે રેહતા મયુર સાહેબરાવ તેમની પોલીસ ચોકીમાં દારૂ ઢીંચીને આવી બુમ બરાડા પાડતો હતો. આ દરમ્યાન પોલીસ કર્મચારી વિજય મકવાણા તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં પણ તે ન સમજતા ઉશ્કેરાઈ જઈ ટેબલ પરના કાચ તોડી નાંખી ઢીક મુક્કીનો તેમજ લાતો મારી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

પોરોલ ફર્લો સ્કવોર્ડ વિજલપોરમાં ત્રણ તમંચા સાથે એકને ઝબ્બે કર્યો

ત્રણ દેશી તમંચા મળી આવતા એપીના બે લોકો વોન્ટેડ

સુરત

નવસારી પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમે બાતમીના આધારે વિજલપોર રેવાનગરમાં રહેતાં એક એમપીના શખ્સને દેશી તમંચા સાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે બે એમપીના શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે અને રૂા.૧૫ હજારના દેશી ત્રણ તમંચા અને એક કારતૂસ કબજે કર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી પેરોલ ફર્લો સ્કવોર્ડ પોલીસને બાતમી મળી હતી કે વિજલપોરમાં રેવાનગર ખાતે રહેતો એક શખ્સ ઘેલખડીથી વિઠ્ઠલ મંદિર તરફ આવનાર છે અને તેની પાસે ત્રણ દેશી હાથ બનાવટના તમંચા છે અને કારતૂસ છે. આથી પેરોલ ફર્લો સ્કવોર્ડ પોલીસે વિજલપોર વિઠ્ઠલ મંદિર પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન પ્રકાશ ઉર્ફે પ્રિતમ ડુંગરીયા અવાસીયા રહે. વિજલપોર, રેવાનગર, મૂળ રહે. એમ.પી. અલીરાજપુર છોડીબેગલની અટકાયત કરી હતી અને તપાસ કરતા તેના કબજામાંથી ત્રણ નંગ દેશી હાથ બનાવટના તમંચો પિસ્તોલ અને એક કારતૂસ મળી આવ્યું હતું. પોલીસે આરોપી પ્રકાશ અવાસીયાની ધરપકડ કરી હતી અને તમંચા અંગે પૂછપરછ કરતા તેમણે આ તમંચાઓ એમપીના અલીરાજપુર જિલલાના સોંઢવા તાલુકાના ચેનસિંગ અને રાકેશ નામના શખ્સ પાસેથી લઈ આવ્યો હોવાની કબુલાત કરી હતી. આ બનાવ અંગે વિજલપોર પોલીસમાં પ્રકાશ ડુંગરીયા અવાસીયા અને તેનાબે સાગરીતો વિરૂદ્ધ પોલીસે આર્મ્સ એક્ટનો ગુનો નોંધી વધુ તપાસ એલસીબીના પીએસઆઈ બી.એલ. રાયઝાદા કરી રહ્યા છે.

કામરેજમાં રેતીની લીઝ બાબતે વિનુભાઈ સાવલીયાનું અપહરણ

કારમાં અપહરણ કરી માર મારી ધમકી આપી

સુરત

કામરેજ-વેલંજા ગામના સરકારી દવાખાના પાસે રેતીની લીઝ બાબતે ભાગ લખી આપ નહીં તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામના વતની અને હાલમાં વેલંજા ગામ ખાતે રહેતાં નિલકંઠવાણી સોસાયટીમાં રહેતા વિનુભાઈ બચુભાઈ સાવલીયા રહે છે. તેઓની પોતાની રેતીની લીઝ છે. આરોપી વસંત ઉકાભાઈ નસીત, એક અજાણ્યો ઈસમ, હિતેશ ગોયાણી તથા જીગ્નેશભાઈ વિગેરેઓએ લીઝ ધારક વિનુભાઈ સાવલીયાને બળજબરી પૂર્વક ડસ્ટર ગાડીમાં બેસાડી ઢીક મુક્કીનો માર મારી તેમની લીઝનો ભાગ લખાવી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. કામરેજ પોલીસ મથકમાં લીઝ ધારકે ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણ તથા મારી નાંખવાની ધમકીનો ગુનો ૪ ઈસમો સામે દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગત ૨૮મીનારોજ વાંકાનેર મુકામે સમસ્ત કોળી સમાજના વિદ્યાર્થીઓ તથા સરકારી કર્મચારી ઓનો સન્માન સમારોહ યોજાયો



આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે કોળી સેના ગુજરાત ના પ્રમુખ હિરાભાઈ સોલંકી રાજય સભાના પુર્વ સાંસદ શંકરભાઈ વેગડ ચોટિલાના ધારાસભ્ય રૂતવ્વીકભાઈ મકવાણા સોમનાથ ના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા પુર્વ ધારાસભ્ય ભરતભાઈ ખોરાણી ચોટિલા તાલુકા પંચાયત ના પ્રમુખ ખોડાભાઈ ખોરાણી ભરતભાઈ સોરાણી વાંકાનેર તાલુકા પંચાયત ના સભ્યો વાંકાનેર નગરપાલિકા ના સદસ્યો વાંકાનેર તાલુકા ના સરપંચો વાંકાનેર શહેર ના નાત પટેલો હાજર રહ્યા હતા આશીર્વચન દેવાબાપા ની જગ્યા ના મહંત શ્રી વિરજીભગત એ આપેલ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે કોળી સેના મોરબી જીલ્લાના પ્રમુખ રમેશભાઈ મકવાણા કાનાભાઈ સોડમીયા જીતુભાઈ અણીયારીયા અશ્વીનભાઈ રમેશભાઈ ગોવીદભાઈ ભાવેશભાઈ વિનોદભાઈ કરશભાઈ રસિકભાઈ ગોહિલ સાહેબ અને કોળી સમાજ ના યુવાનો એ જેહમત ઉઠાવીહતી

જેતપુરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રન ફોર યુનિટી યોજાઈ હતી



જેતપુર

સરદાર વલ્લભભાઈ પટેલની આજે જન્મજયંતી છે. આજના આ દિવસે દેશમાં રન ફોર યુનિટીનું પણ આયોજન કરાયું છે. લોક વિકાસની આ દોડમાં એકતાનો સંદેશ પ્રસરી રહ્યો છે. દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે જેતપુર ખાતે રન ફોર યુનિટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમા ૧/ ૨/ ૫ કિમી નુ આયોજન કરવામા આવ્યું હતુ તેમજ જેતપુર સ્કુલ ના વિધાર્થીઓ. કોલેજના વિધાર્થીઓ તેમજ પોલીસ અને ગામના લોકોયે મોટી સંખ્યામાં ભાગ લીધોહતો તેમાં રાજકોટ રૂરલ એસપી બલરામ મીણા જેતપુર ડીવાયએસપી ભરવાડ દ્વારા વીજેતા લોકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા.આવ્યા હતા

વણી ગામના સરપંચ નાથાભાઈ ની જીત

વિરમગામ તાલુકાના વણી ગામના નાથાભાઈ સિંધવની જીત થતાં સરપંચ તરીકે કાર્યભાર સંભાળશે.



વિરમગામ તાલુકાના વણી ગામના સરપંચને ૨૪ જુલાઇના રોજ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા જિલ્લા વિકાસ અધિકારીના આ નિર્ણયને વણી ગામના સરપંચ દ્વારા R.P.A.D. અધિક વિકાસ કમિશ્નર સમક્ષ પડકારવામાં આવ્યો હતો જેમાં કેસ ચાલતા સરપંચની જીત થઇ હતી અને ફરીથી નાથાભાઈ (બાદશાહ) સરપંચ બન્યા હતા તેથી ગ્રામજનોમાં હર્ષની લાગણી છવાઇ જવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે વણી ગામના સરપંચને ત્રણ માસ અગાઉ સરપંચ ના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યાં હતાં જે બાબત અધિક વિકાસ કમિશ્નર ગાંધીનગર દ્વારા સરપંચ દ્વારા આપવામાં આવેલ પુરાવા સબળ જણાતા સરપંચ તરીકે નાથાભાઈ સિંધવ ફરીથી સરપંચ તરીકે બિરાજમાન થશે.

ગણેશ ઉત્સવના ઝઘડાની અદાવત રાખી યુવાનની હત્યાનો પ્રયાસ

સુરત

અડાજણમાં યુવક ઉપર ચપ્પુથી હુમલો કરી હત્યાની કોશિશ કરવામાં આવી હતી. ગણપતિ તહેવારમાં થયેલા ઝઘડાની અદાવતમાં હુમલો થયો હતો.

અડાજણ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પાલનપુર ઓમકાર રેસીડેન્સીમાં રહેતાં સંદીપભાઈ સુરેશભાઈ મરાઠેએ આરોપી રાજુ ઉર્ફે રાજ પ્રહલાદભાઈ સંતવાની રહે. ઓમકાર રેસીડેન્સી, વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગણપતિ તહેવારમાં થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપીએ ફરિયાદી ઉપર ચપ્પુના ઘા ઝીંકી હત્યાની કોશિશ કરી હતી. અડાજણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ખુન તેમજ ખુનની કોશીસ અને ગૌ હત્યા જેવા ગંભીર પ્રકારના ગુન્હાના આરોપીને પાસા હેઠળ ધકેલતી પશ્ચિમ કચ્છ-ભુજ એલ.સી.બી.



ભુજ કચ્છ: અગાઉ ભુજમાં બે ખુન, તથા ખુનની કોષીશ અને ગૌહત્યા જેવા ગંભીર પ્રકારના ગુન્હામાં પકડાયેલ મુજાહિદ અલીમામદ હિંગોરજા, ઉ.વ.૨૬, રહે.આઝાદ નગર, સુરલભીટ રોડ, ભુજ, તા.ભુજ-કચ્છ વાળો સવા એક વર્ષ અગાઉ સરલી ગામના કોળી યુવાનની હત્યાના ગુન્હામાં તથા છ માસ પહેલા કોટાય તા.ભુજના ગુન્હામાં સંડોવાયેલ હતો અને હાલે તાજેતરમાં જામીન મુકત થયેલ હતો. હાલના પ્રર્વતમાન સંજોગોમાં મજકુર જામીન મુકત થયેલ હોઈ અને નજીકના ભવિષ્યમાં ફરીથી આવા ગંભીર ગુન્હાઓમાં રચ્યો પચ્યો રહી જાહેર વ્યવસ્થાને બાધારૂપ થાય તેવી પુરેપુરી શકયતા હોઈ હાલના સંજોગોમાં જીલ્લામાં કાયદો વ્યવસ્થા સુચારૂ ચાલે અને મજકુર કોઈ પડકારરૂપ અડચણો ઉભી ન કરે તે હેતુથી શ્રી ડી.બી.વાઘેલા આઈ.જી.પી. સરહદી રેન્જ ભુજ કચ્છનાઓ તથા શ્રી એમ.એસ.ભરાડા પોલીસ અધિક્ષક પશ્ચિમ કચ્છ ભુજનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મજકુર વિરૂધ્ધ શ્રી એમ.બી.ઔસુરા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજ નાઓએ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી મારફતે કલેકટરશ્રી કચ્છ ભુજનાઓએ મોકલી આપતા જે દરખાસ્તના કારણો તથા હાલની જીલ્લાની પરીસ્થિતિ ધ્યાને લઇ કાયદો વ્યવસ્થાના હિતમાં મજકુરને પાસા ધારા હેઠળ અટકાયતમાં લેવા વોરંટ જારી કરેલ જે પાસા વોરંટ આધારે ઈ.ચા.પો.ઈન્સ.શ્રી તથા એલ.સી.બી.સ્ટાફના સભ્યો મજકુરને આજરોજ કલાક ૧૯/૪૫ વાગ્યે ભુજ ખાતે થી અટકાયતમાં લઈ તેના ઉપર પાસા વોરંટની બજવણી કરવામાં આવેલ અને વોરંટમાં જણાવેલ હુકમ મુજબ યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ મજકુરને લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે.

પશ્ચિમ કચ્છ જીલ્લામાં જાહેર વ્યવસ્થા ખોરવી કાયદો વ્યવસ્થા સામે પડકારરૂપ ઈસમો સામે કોઈ પણ શેહશરમ વગર આવી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

માંડવીના રામેશ્વર ઝુપડપટ્ટીમાંથી ગંજીપાનાનો જુગાર રમતા બે મહિલા સહિત પાંચ ઝડપાયા

ભુજ કચ્છ: માંડવીના રામેશ્વર ઝુપડપટ્ટીમાંથી ગંજીપાનાનો જુગાર રમતા પાંચ ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે.માંડવીના રામેશ્વર ઝુપડપટ્ટી વિસ્તારમાં એક મકાનમાં ગંજીપાનાનો જુગાર રમાતા હોવાની બાતમીના આધારે બપોરે માંડવી પોલીસ સ્ટેશનના પી.આઈ. મહાવીરસિંહ જલુના માર્ગદર્શન હેઠળ દેવચંદભાઈ પાતરીયા પોલીસસ્ટાફ સાથેદરોડો પાડીને પાંચ ખેલીઓની ધરપકડ કરવામાં આવેલ છે.જુગાર રમતા હિતેશ વલ્લભજી ખારવા ,પુજાબેન જાડેજા, હેતલબેન ખારવા,જીતેન્દ્ર રાઠોડ ,સમીર એ.સમેજાને ૧૧૩૦૦ સાથે પકડી પાડયો હતો.બધાજ આરોપીઓ સામે જુગારધારાની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પાલેજ ખાતે ટ્રાવેલ્સની બસમાંથી એક વેપારીની ચાંદીની પ્લેટની ચોરી કરતા તસ્કરો સીસીટીવીમાં કેદ થયા

ભરૂચના પાલેજ નજીક આવેલા વરેડિયા ગામ નજીક આવેલી એક હોટલ પર ચા – પાણી માટે ઉભી રહેલી ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા રાજકોટના ચાંદીના વેપારીની ચાંદીની પ્લેટની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી પલાયન થઈ જતા પાલેજ પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ચોરીની સમગ્ર ઘટના સીસી

ટીવી કેમરામાં કેદ થઈ જવા પામી હતી.

પોલીસ સુત્રીય માહિતી અનુસાર ગત તારીખ ૨૮ ના રોજ સવારના આઠ થી સવા આઠ વાગ્યાના અરસામાં ને.હા. પર ભરૂચના વરેડિયા ગામ નજીક આવેલી એક હોટલ પર ચિરાગ ટ્રાવેલ્સની લકઝરી બસ નંબર જી. જે. બી વી ૪૦૯૩ માં બેસી સુનિલ ઉર્ફે નાગનાથ સંભાજી જાધવ રહે. મળોલી તા. માલસીરસ જી.સોલાપુર (મહારાષ્ટ્ર) હાલ રહે. આલ્કા પાર્ક સોસાયટી, રાજકોટનાઓ જેઓ સોના – ચાંદીના દાગીના બનાવી વેચાણ કરવાનો વ્યવસાય કરે છે.

તેઓ લકઝરી બસમાં મુસાફરી કરી રહ્યા હતા તે બસ વરેડિયા નજીક આવેલી એક હોટલ પર ચા – પાણી કરવા રોકાઈ હતી. ત્યારે સુનિલ બહાર નીકળ્યો હતો. તે દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમે બસમાં મુકેલા નાગનાથના થેલામાંથી ચાંદીની પ્લેટ વજન ૧૯.૫૦૦ કિ.ગ્રા. કિંમત રૂપિયા સાત લાખ બાસઠ હજાર ચારસો પચાસની ચોરી કરી પલાયન થઈ ગયો હતો.જે સંદર્ભે સુનિલ ઉર્ફે નાગનાથએ પાલેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સભા સ્થળે આવની તૈયારી સભાસ્થળ માં સાંસદો, મંત્રીઓ, સેલિબ્રેટી, સાધુ સંતો આમ પ્રજા ની ઉપસ્થિતિ લોકાર્પણ માટે ભવ્ય શણગાર સરદાર પટેલ ના પૌત્રો ની પણ ઉપસ્થિતિ

માળીયાના નવલખી બંદરે બૉમ્બ ? એસઓજી અને ડોગ સ્કવોડની ટીમો દોડી ગઈ

દીવાદાંડી પાસેથી બૉમ્બ મળી આવ્યો, મોકડ્રિલ જાહેર કરાતા રાહત

માળીયાના નવલખી બંદરમાં બૉમ્બ હોવાની માહિતી મળતા પોલીસની ટીમોમાં દોડધામ મચી ગઈ હતી અને એસઓજી, સ્થાનિક પોલીસની ટિમ અને બૉમ્બ સ્કવોડમાં દોડધામ મચી ગઈ હતી તેમજ નવલખી બંદરમાં સર્વત્ર તલાશી લીધા બાદ આખરે દીવાદાંડી નજીકથી બૉમ્બ મળી આવ્યો હતો તો બાદમાં પોલીસની ટીમે મોકડ્રિલ હોવાનું જાહેર કર્યું હતું

દેશમાં દરિયાઈ માર્ગે આતંકવાદીઓ ઘૂસવાની ફિરાકમાં હોય તેવા આઈબીના ઈનપુટ બાદ દરિયાઈ સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે તેમજ વિવિધ બંદરો પર સુરક્ષા વ્યવસ્થાની કરવામાં આવી રહી હોય જેની વચ્ચે આજે મોરબી જિલ્લાના માળીયા નજીક આવેલા નવલખી બંદરમાં બૉમ્બ હોવાનો મેસેજ મળતા પોલીસ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી અને એસઓજી ઉપરાંત સ્થાનિક પોલીસ અને બૉમ્બ સ્કવોડ તુરંત સ્થળ પર પહોંચી હતી જ્યાં ટીમોએ નવલખી બંદરનો ખૂણેખૂણો તપાસીને બૉમ્બ શોધવા મથામણ કરી હતી અને આખરે ભારે જહેમત બાદ દીવાદાંડી નજીકથી બૉમ્બ મળી આવતા ડિફ્યુઝ કરવામાં આવ્યો હતો જોકે બૉમ્બ કોઈ આતંકી દ્વારા મુકવામાં આવ્યો ના હતો અને તંત્રએ જ તૈયારીયોની સમીક્ષા કરવા મોકડ્રિલ યોજી હોવાનું અંતે જાહેર કરવામાં આવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો જોકે બૉમ્બ મળ્યાની ઘટનાથી થોડીવાર માટે લોકોના જીવ પડીકે બંધાયા હતા

ભરૂચ પાલિકાની સામાન્ય સભામાં ૪૦ કામોને સર્વાનુમતે મંજૂરીની મહોર લાગી



ભરૂચ પાલિકાની સામાન્ય સભા મંગળવારના રોજ પાલિકાના સભાખંડમાં પ્રમુખના અધ્યક્ષ સ્થાને મળી હતી.

પાલિકા પ્રમુખની અધક્ષતામાં મળેલ સામાન્ય સભામાં પક્ષ અને વિપક્ષો દ્વારા રજૂઆતો ચર્ચા વિચારણા બાદ અલગ અલગ શાખાઓના ૪૦ કામોને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં.

વિપક્ષે ત્રિમાસિક હિસાબ અંગે પક્ષ પાસે જવાબ માંગતા તેવા દ્વારા કોઈ જવાબ આપી શકાયો ના હતો.લોક ભાગીદારી માટે ૭૦ અને ૧૦ અથવા ૭૦ અને ૨૦ ની જોગવાઈ હોવા છતાં પણ લોક ભાગીદારીના કામો માટે ૭૦ અને ૩૦ લેવામાં આવે છે.તથા કોન્ટ્રાક્ટરો પાસેથી વર્ષની ૩ ટકા ડિપોઝીટ મુકાવી તેમના રૂપિયા પરત પણ નહી આપતા હોવાના આક્ષેપો કરતાં વાતાવરણ ગરમાયુ હતું.

જ્યારે શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાલિકા દ્વારા ઠંડા પાણીની આધુનિક પરબો ચાલુ કરવાના આયોજનના ૨૦ લાખ મંજુર કરીને વિપક્ષ દ્વારા પાણીના કોઈ પણ લોકો પાસેથી રૂપિયા ના લેવામાં આવે તેવી માંગ કરતાં શાસક પક્ષે તેમની માંગણી સ્વીકારી લીધી હતી.

જ્યારે વિપક્ષએ પ્રમુખના વિસ્તારમાં કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાના પ્રશ્નના મુખ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો કે,પ્રમુખના વિસ્તારનો મુખ્ય માર્ગને બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.જે અંગે વિપક્ષના નેતા

સમસાદ અલી સૈયદે ભરૂચના ફટા તળાવ વિસ્તારથી કુરજા બંદર સુધીનો બિસ્માર થઈ ગયેલા રોડને તાત્કાલિક નવો બાનવવામાં આવે તેવી માંગ કરી હતી.કારણ કે તાજીયા હોય કે ગણેશ વિસર્જન ઘણા લોકો આ રસ્તાનો ઉપયોગ કરતા હોય છે.જે અંગે મુખ્ય અધિરીએ તે અંગે વિચારી રોડની કામગીરી કરવાની વાત કરી હતી.ત્યારે વિપક્ષ દ્વારા ૨૦૧૨માં ફાટા તળાવ વિસ્તારમાં આધુનિક શોપિંગ બનાવી એની કાયાપલટ ની વાત કરી હતી.પરંતુ આજ દિન સુધી ત્યાં કોઈજ શોપિંગ પણ નથી બનાવાયું અને એ જગ્યા પર કચરાના ઢગલા નાખવામાં આવે છે.એટલે વાતો ખાલી કાગડ પર નહીં કરીને બતાવવા કહ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાની રૂબરૂ મુલાકાત લઈ માહિતી મેળવતા મુખ્યમંત્રી

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા પર અદ્‌ભુત રંગારંગ લેશર શોને નિહાળતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી







સરદાર સાહેબના જીવન કવન, એક ભારત શ્રેષ્ઠ ભારતના ગીતો સભર લેશર શો યોજાયો

રાજપીપળા : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદાના કેવડીયા સાધુ બેટ ખાતે નિર્મિત સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ આ સ્મારકના નિર્માણ બાબતે માહિતી મેળવી હતી. સાંજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા પર અદ્‌ભુત રંગારંગ લેશર શોને નિહાળ્યો હતો. આ પ્રસંગે મીડિયાકર્મીઓને સંબોધન કરતા મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, અદ્યતન ટેકનોલોજી દ્વારા શોનું નિર્માણ થયું છે. સાથે મ્યુઝીયમ, ગેલેરી, ટેન્ટ સીટી ઉપરાંત ભવિષ્ય બોટીગ, રોપ-વે જેવી અનેક સુવિધાઓ સાથે પ્રવાસીઓ રાત્રે લેશર શો માણી શકશે. સરદાર સાહેબનું જીવન ચરિત્ર, સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટેકનીકલી વિગતો, એક ભારત શ્રેષ્ઠ ભારતની ગીતો સાથેના દરરોજ બે લેશર શોનો અદ્‌ભુત નજારો પ્રવાસીઓને માણવા મળશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ટેચ્યુ બનવાથી આસપાસના વિસ્તારની ઈકોનોમીમાં વધારો થશે જયારે આદિવાસી ભાઈ-બહેનોને રોજગારીની વિપુલ તકોના નિર્માણની સાથે આદિવાસી સંસ્કૃતિથી લોકો પરિચિત થાય તેમજ કેવડીયાની આસપાસ પ્રવૃત્તિમાં આદિવાસી વાતાવરણનો ટચ મળે તથા રોજગારીનું સર્જન થાય તેવા હેતુ સાથે રાજય સરકાર આગળ વધી રહી છે. નર્મદા જિલ્લામાં રૂા.૧૦૦ કરોડના ખર્ચે ટ્રાયબલ મ્યુઝીયમના નિર્માણનું કાર્ય ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશના રજવાડાઓએ પણ અખંડ ભારતના નિર્માણમાં જે બલિદાન આપ્યું છે તે માટે રજવાડાઓ માટે અલગ મ્યુઝીયમ બનાવવા માટે વડાપ્રધાનશ્રીના સૂચનની દિશામાં રાજય સરકાર આગળ વધશે તેવી નેમ તેમણે વ્યકત કરી હતી.

આ વેળાએ મુખ્યમંત્રીના ધર્મપત્નિશ્રીમતી અંજલીબેન રૂપાણી, કૃષિમંત્રી આર.સી.ફળદુ, ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર, મુખ્ય સચિવ જે.એન.સિંગ, નર્મદા નિગમના સી.એમ.ડી. એસ.એચ.રાઠોર, જિલ્લા પ્રભારી સચિવ એસ.જે.હૈદર, જિલ્લા કલેકટર આર.એસ. નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ડો.જીન્સી વિલિયમ્સ તેમજ નર્મદા નિગમના ટેકનિકલ ડિરેકટર નાદપરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સરદાર પટેલની જન્મજયંતી અને ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અપાઈ



ભરૂચ શહેરના સ્ટેશન રોડ પર આવેલા કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ૩૧મી ઓક્ટોબરના રોજ લોખંડી પુરૂષ સરદાર પટેલની જન્મજંયતી અને સ્વર્ગીય પૂર્વ વડાપ્રધાન ઈન્દિરાગાંધીની પુણ્યતિથી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ત્યાર બાદ ભરૂચ શહેરનાં સોનેરી મેહલ અને સેવાશ્રમ હોસ્પિટલ માં આવેલ સરદાર પટેલની પ્રતીમાને શ્રધ્ધાસુમન અર્પણ કરીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રણા, પુર્વ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, પ્રવકતા નાઝુ ફડવાલા, શહેર પ્રમુખ વિકી શોખી, અગ્રણી કિરણ ઠાકોર, સુનીલ પટેલ, મહિલા પ્રમુખ ચેતના વસાવા, નગરપાલિકાના વિપક્ષના નેતા સમસાદ અલી સૈયદ, હેમેન્દ્ર કોઠીવાલા, જયોતિ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

વડોદરા શહેરના રેલવે સ્ટેશનમાં બની દુર્ઘટના



બનાવ ની પ્રાપ્ત પોલીસ માહિતી મુજબ કર્ણાટકના મંગીલાલ ધુકારામ નાઈ ઉંમર આશરે ૬૪ નાઓ રેલવે પ્લેટફોર્મ નંબર ૧ ઉપર ૧૨ વાગે ચેન્નઈ એક્સપ્રેસ ટ્રેન ઉપર ચઢતી વખતે થઈ દુર્ઘટના, દુર્ઘટનામાં મંગીલાલનો હાથ કપાયો, ચેન્નઈ એક્સપ્રેસ ૧૧.૫૫ ટ્રેન વડોદરા શહેરમાં આવી અને ૫ મિનિટ માટે ગાડી રોકાઈ હતી ટ્રેન તે દરમિયાન મંગીલાલ પ્લેટફોર્મ પર ખરીદી કરવા માટે ટ્રેન નીચે ઉતર્યા હતા અને અચાનક ટ્રેન ચાલું થતા મંગીલાલનું સંતુલન ગુમાવી બેઠા હતા અને તે પ્લેટફોર્મ ની નીચે પડી ગયા હતા, ત્યારબાદ તેમનો હાથ કપાઈ ગયો હતો પ્લેટફોર્મ ઉપર ઉભા યાત્રિકો એ સમયસૂચકતા તેમને ખેંચી લીધા હતા નહીતો મોટી દુર્ઘટના થાત, રેલવે દ્વારા તેમને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવા નું જાણવા મળે છે

ભરૂચ અંકલેશ્વર વચ્ચે રેલવેનો ડાઉન લાઈનનો ઓવર હેડ વાયર તૂટી જતાં મુસાફરો અટવાયા



અંકલેશ્વર રેલવે સ્ટેશન ખાતે મોડી સાંજે રેલવે યાતાયાત માટે ઉપયોગમાં લેવાતો ઓએચઈ કેબલ અચાનક તૂટી પડવાના પગલે રેલ વ્યવહાર ખોરવાતા મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.રેલવે તંત્ર દ્વારા તૂટેલ કેબલનું તત્કાલ સમારકામ હાથ ધરાતા મુસાફરોએ રાહત અનુભવી હતી.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર ૭ વાગ્યાના અરસામાં ભરૂચ અંકલેશ્વર વચ્ચે બોરભાઠા ગામ પાસે રેલવે લાઈનનો ડાઉન ટ્રેક ઉપરનો ઓએચઈ કેબલ ડબલ ડેક્કર ટ્રેન પાસ થયા પછી અચાનક તૂટી પડવાના પગલે રેલ વ્યવહાર ખોરવાયો હતો.જેના કારણે ૭ વાગ્યા પછીની બધી ટ્રેનનોને જેતે સ્ટેશન પર રોકી દેવતાં અપ ડાઉન કરતાં મુસાફરો પ્લેટફોર્મ પર અટવાયા હતાં. બનાવ અંગેની જાણ થતાંજ સ્ટેશન માસ્ટર તેમજ રેલવે ટીમ ની દ્વારા તાત્કાલિક ધોરણે તૂટેલ ડાઉન ટ્રેકના કેબલનું રીપેરીગ કામ હાથ ધરવામાં આવ્યું હતું.

જેના કારણે ૭ વાગ્યા પછીની ટ્રેનોને અસર પડી પડી હતી.જેમાં ભિલાડ પેસેન્જર, અગસ્ટક્રાંતિ, ઉદેપુર એક્સપ્રેસ, સયાજી એક્સપ્રેસ જેવી ટ્રેન પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી પડી હતી.જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.જોકે રેલવે પ્રશાસન દ્વારા તાત્કાલિક કામ પૂર્ણ કરી રેલ વ્યવહાર ચાલુ કર્યો હતો.

મોરબીમાં એકતા દિવસ નિમિતે જીલ્લા પોલીસની માર્ચ પાસ્ટ



બેન્ડ બાજા સાથે યોજાઈ માર્ચ પાસ્ટ

આજે લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની જન્મ જયંતી નિમિતે જીલ્લા પોલીસ દ્વારા એકતા દિવસ માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી જેમાં જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા

એકતા દિવસ નિમિતે મોરબી જીલ્લા પોલીસ દ્વારા આજે બેન્ડ બાજા સાથે માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી જેમાં જીલ્લા વિકાસ અધિકારી એસ એમ ખટાણા, જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલા, જીલ્લા અધિક કલેકટર કેતનભાઈ જોષી, પ્રાંત અધિકારી શિવરાજસિંહ ખાચર, ડીવાયએસપી ચૌધરી સહિતના અધિકારીઓ અને પોલીસના જવાનો જોડાયા હતા માર્ચ પાસ્ટ નવા બસ સ્ટેન્ડ ખાતેના સરદાર પટેલની પ્રતિમાથી શરુ કરવામાં આવી હતી જે શહેરના મુખ્યમાર્ગો પર ફરી હતી અને ગાંધી ચોક ખાતે પૂર્ણ કરવામાં આવી હતી

એકતા દિવસ નિમિત્તે રાણપુર પોલીસ સ્ટેશન ખાતે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો



રાણપુર પીએસઆઈ એ પી સલૈયા હાજરી માં શપથ લીધા

૩૧ ઓક્ટોંબર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઘોષણા કરવામાં આવી છે સમગ્ર દેશમાં એકતા જળવાઈ રહે તેવા હેતુથી દેશના તમામ પોલીસ સ્ટેશનમાં શપથ ગ્રહણ વિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર પોલીસ સ્ટેશન ખાતે રાણપુર પી.એસ.આઈ.એ પી સલૈયા ની હાજરીમાં શપથ ગ્રહણ વિધિનો કાર્યક્રમ યોજાયો હતો જેમા પી.એસ.આઈ.એ પી સલૈયા, હેડ કોન્સસ્ટેબલ જીજ્ઞેશભાઈ અને રાણપુર હોમગાર્ડ યુનિટના કમાન્ડર દેવેન્દ્રસિંહ ચુડાસમાએ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી દેશની એકતા અખંડતા અને સુરક્ષા માટે શપથ લેવડાવ્યા હતા જેમા રાણપુર પોલીસ સ્ટાફ અને હોમગાર્ડ સ્ટાફ હાજર રહ્યો હતો

ભરૂચ જિલ્લા પાટીદાર સમાજના આગેવાનોએ સરદાર પટેલની જન્મજયંતિ ઉજવી



ભરૂચમાં પાટીદાર સમાજ દ્વારા બુધવારના રોજ સરદાર પટેલની જન્મ જયંતિ નિમિત્તે સેવાશ્રમ ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ઉજવણી કરવામાં આવી હતી. દેશભરમાં આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે. ત્યારે ભરૂચ શહેરમાં વસતા પાટીદાર સમાજ દ્વારા આજરોજ સેવાશ્રમ સ્થિત સરદાર પટેલની પ્રતિમાને ફુલાહર અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પાટીદાર સમાજના રાધે પટેલ, જયેશ પટેલ સહિતનાં પાટીદાર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને સરદાર જયંતિની ઉજવણી કરી હતી.